Extra No. 93

REGISTERED NO. L2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LV] WEDNESDAY, APRIL 9, 2014/ CAITRA 19, 1936

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૨૦૧૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૧૧મી માર્ચ, ૨૦૧૪**ના ગુજરાત સરકારના **ગૃહ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી-૩૭-૧૦૨૦૧૨-૭૧૭-વ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Under***

**The Code of Criminal Procedure, 1973**

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ**

**જાહેરનામું.**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૧૪.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.**

**ક્રમાંક : જીજી-૩૭-૧૦૨૦૧૨-૭૧૭-વ.**---ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ ૪૧૭ની પેટા-કલમ (૧) સાથે વાંચતા કલમ ૨ ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે ગૃહ વિભાગના તારીખ ૨૯મી મે, ૨૦૦૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી-૯૨-૨૦૦૨-પીઓએસ-૧૦-૨૦૦૦-૨૧૦૪-વ-થી, બંગલા નં. ૩૦, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ ખાતે આવેલી આતંકવાદ વિરોધી દળની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-ને, સન ૨૦૦૨ના જૂન મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ જાહેરનામામાં જણાવેલા જુદા જુદા કાયદા હેઠળના ગુનાઓ માટેના પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરેલ હતી;

અને, આતંકવાદ વિરોધી દળની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-ને, છારોડી ગામના સરવે નં. ૧૧૨, નિરમા યુનિવર્સિટી પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ ખાતે ખસેડવામાં આવેલ છે;

તેથી, હવે, ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા પૂરતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ ૪૧૭ની પેટા-કલમ (૧) સાથે વાંચતા કલમ-૨ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

(ક) છારોડી ગામના સરવે નં. ૧૧૨, નિરમા યુનિવર્સિટી પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ ખાતે ખસેડવામાં આવેલી આતંકવાદવિરોધી દળની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-ને, સદરહુ સ્થળે તેને ખસેડવામાં આવી તે તારીખથી અમલમાં આવે તેમ, પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ પોલીસ સ્ટેશનને સમગ્ર ગુજરાત રાજ્યમાં તેની હકૂમત રહેશે અને અહીં નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જુદા જુદા કાયદા હેઠળના ગુનાઓ માટે કેદ કરવાને અથવા કસ્ટડીમાં મોકલવાને પાત્ર હોય તેવી કોઈપણ વ્યક્તિને સદરહુ પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં પૂરી શકાશે.-

| **અનુક્રમાંક** | **અધિનિયમો/નિયમો** |
|---|---|
| ૧ | ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના પ્રકરણો ૫-ક, ૬ અને ૧૭. |
| ૨ | શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯. |
| ૩ | કેફી ઔષધ અને મનઃપ્રભાવી દ્રવ્ય અધિનિયમ, ૧૯૮૫. |
| ૪ | સ્ફોટક પદાર્થ અધિનિયમ, ૧૯૦૮. |
| ૫ | સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩. |
| ૬ | ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭. |
| ૭ | પાસપોર્ટ અધિનિયમ, ૧૯૬૭. |
| ૮ | પાસપોર્ટ (ભારત પ્રવેશ) અધિનિયમ, ૧૯૨૦. |
| ૯ | નિર્ગમન અધિનિયમ, ૧૯૮૩ અને નિર્ગમન નિયમો, ૧૯૮૩. |
| ૧૦ | વિદેશીઓ સંબંધી અધિનિયમ, ૧૯૪૬ અને તે હેઠળ ઘડેલા નિયમો. |
| ૧૧ | વિદેશી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૩૯ અને વિદેશી રજિસ્ટ્રેશન નિયમો, ૧૯૯૨. |
| ૧૨ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦. |
| ૧૩ | જામીનગીરી લેવડદેવડ અધિનિયમ, ૨૦૦૩. |

| અનુક્રમાંક | અધિનિયમો/નિયમો |
|---|---|
| ૧૪ | આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫. |
| ૧૫ | ભારતનો વાયરલેસ ટેલિગ્રાફી અધિનિયમ, ૧૯૩૩. |
| ૧૬ | ભારતનો ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫. |
| ૧૭ | સ્ફોટક દ્રવ્ય અધિનિયમ, ૧૮૮૪. |
| ૧૮ | સામુહિક વિનાશના શસ્ત્રો અને તેની વિતરણ વ્યવસ્થા (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) બાબત અધિનિયમ, ૨૦૦૫. |
| ૧૯ | પેટ્રોલિયમ અધિનિયમ, ૧૯૩૪ અને પેટ્રોલિયમ નિયમો, ૨૦૦૨. |
| ૨૦ | પેટ્રોલિયમ અને ખનીજ પાઈપ લાઈનો (જમીન વપરાશ હક્ક સંપાદન) અધિનિયમ, ૧૯૬૨.. |
| ૨૧ | અણુશક્તિ અધિનિયમ, ૧૯૬૨. |
| ૨૨ | વિમાન અપહરણ વિરોધી અધિનિયમ, ૧૯૮૨. |
| ૨૩ | મુલકી વિમાનન સુરક્ષા વિરુધ્ધની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, ૧૯૮૨. |
| ૨૪ | સાર્ક ( SAARC) કન્વેન્શન (આતંકવાદ નિવારણ) અધિનિયમ, ૧૯૯૩. |
| ૨૫ | દરિયાઈ નૌપરિવહન અને ખંડીય સમુદ્ર તળપટ્ટી પર જડેલા પ્લેટફોર્મની સુરક્ષા વિરુધ્ધની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, ૨૦૦૨. |

(ગ) જણાવે છે કે શાહીબાગ, ડફનાળા, અમદાવાદ ખાતે આવેલી આતંકવાદ વિરોધી દળની કચેરી, પોલીસ સ્ટેશન તરીકે હોતી બંધ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**સી. બી. ભગત,**
સરકારના નાયબ સચિવ.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.